જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/03/૨૦૨૩ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૫૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૯૫ લીટર દેશી દારૂ, ૧૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૧૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૬૩ બીયરટીન, ૦૨ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૫૪/૨૦૨૩

**એરપોર્ટ**: સ્મિતાબહેન વા/ઓ રૂપેશભાઇ પરમાર (ઉ.વ.૪૪)(રહે.સ્વપ્નીલ એલાન્ઝા, આરોહી ટ્વીનની બાજુમા, સાઉથ બોપલ) એ તા.૧૫/03/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/03/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સ્મિતાબહેનના દિકરા ક્રિશના મોબાઇલ ફોન ઉપર અજાણ્યા મોબાઇલ નંબર ૯૦૦૧૮૫૨૦૬૦ અને ૯૪૦૮૮૧૮૩૯૫ ઉપરથી ઓનલાઇન રેન્ટ ઉપર કાર મેળવવા માટેની ઇન્કવાયરી કરનાર આરોપી રાજુભાઇ મારવાડી તરીકે પોતાની ઓળખ આપનાર અજાણ્યો પુરૂષ તથા કારનુ ઝુમકાર એપ્લીકેશનમા તા.૦૬/03/૨૦૨૩ રાતના એક વાગ્યાનુ આઇ.ડી JPSNCUW1T મોબાઇલ નંબર ૮૧૬૦૩૮૫૯૦૩ ઉપરથી ઓનલાઇન બુકીંગ કરનાર આરોપી મોહમદજાબીર મોહમદઇકબાલ શેખ (રહે.સિંધીવાડ, જમાલપુર) તથા કાર બુકીંગનુ મોબાઇલ નંબર ૯૯૨૪૪૭૦૩૦૫ ઉપરથી ઓનલાઇન પેમેન્ટ કરનાર આરોપી બબલુ નામના અજાણ્યા પુરૂષોએ ભેગામળી સ્મિતાબહેનની હુન્ડાઇ કંપનીની ટાઇટન ક્રેટા કાર નંબર જીજે.૧૧.સી.એચ.૭૪૯૨ કિંમત રૂપિયા ૧૧,૨૫,૦૨૬/- ઓનલાઇન બુકીંગ કરાવી તા.૦૬/03/૨૦૨૩ ના કલાક ૧/૦૦ થી તા.૧૦/03/૨૦૨૩ સવારના ૧૦/૦૦ સુધી રેન્ટ ઉપર લઈ જઈ, તે કાર આજદિન સુધી પરત નહી કરી, તેમજ ગાડીમા લાગેલ GPS સિસ્ટમ કાઢી નાખી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

## **ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૫૫/૨૦૨૩**

**પાલડીઃ** વિનોદભાઇ કિશનભાઇ મોલડીયા (ઉ.વ.૩૦)(રહે.પરાગ સોસાયટીના છાપરા, પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૯,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.સિંધુ ચલાવે છે.

**મણીનગરઃ** ચંદ્રલાલ કલ્યાણજી જાડેજા (ઉ.વ.૬૦)(રહે.સુકેતુ એપાર્ટમેન્ટ દલાલ કોલોની રમણનગર મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૭,૫૦૦/- તથા ચાંદીની મુર્તી કિંમત રૂપિયા ૨,૫૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

## **સોનાની મગમાળા ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૬/૨૦૨૩**

**કાલુપુરઃ** જૈવિકભાઇ સ/ઓ સતીશકુમાર પટેલ (ઉ.વ.૨૯)(રહે.ઉર્મી બંગ્લોઝ મિરાપાર્ક સોસાયટી શાહીબાગ) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશન સામે આવેલ કાલુપુર પિકઅપ એસ.ટી બસ સ્ટોપ ખાતે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ જૈવિકભાઇના ગળામાં પહેરેલ રુદ્રાક્ષવાળી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.બી.ગામીત ચલાવે છે.

## **આઠમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૫૭/૨૦૨૩**

**સરખેજઃ** અસારવા ચમનપુરા કાળુજી તેજાજીની ચાલી ખાતે ભાડાના મકાનમાં રહેતા અને સરખેજ આંબલી એપ્રોચની સામે મારૂતી સઝુકીના શો-રૂમની પાછળ આવેલ “શિવાલીક એજ” નામની નવી બનતી સાઈટ ઉપર કામ કરતા ભીમા સ/ઓ ભેરૂજી ઉર્ફે ભેરીયા મીણા (ઉ.વ.૪૭) (મુળવતન: ગામ: ચારણીયા, તા: દરીયાવાદ જી: પ્રતાપગઢ રાજસ્થાન) તા.૧૫/૦૩/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે બીલ્ડીંગના આઠમા માળે થી લીફટના ખાનામાં પડી જતા સારવાર અર્થે તેમને બોપલ-ધુમા સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જતા સાંજના ૪/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૫૮/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** રામકેશ શિવસિહ કુશવાહ (ઉ.વ.૧૭)(રહે.ખોડીયારનગર કૃષ્ણનગર પાસે જગતપુર રોડ ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૪/03/૨૦૨3 રાતના ૧૧/00 વાગ્યા પહેલા પોતાના ઘરે પતરાની પાઈપ સાથે ગમછો/દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિકંદર જશુભા ચલાવે છે.

**નિકોલઃ** વેદ સ/ઓ હિતેન્દ્રકુમાર પટેલ (ઉ.વ.૧૭)(રહે.સત્વ-૫ રાજેન્દ્ર ટેનામેન્ટની બાજુમા, નવા નરોડા રોડ, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/03/૨૦૨3 સવારના ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીતાબા અનિરુધ્ધસિંહ ચલાવે છે.

**રામોલઃ** સુધાબહેન કિશનભાઇ બાવળીયા (ઉ.વ.૧૯)(રહે.શિવાલય એપાર્ટમેન્ટ વંડર પોઇન્ટ પાસે સીટીએમ) એ અગમ્ય કારણસર તા.૧૪/03/૨૦૨3 સાંજના ૫/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૬/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી